Royal College of Anaesthetists

Association of Paediatric Anaesthetists of Great Britain and Ireland

# છોકરો દર્દી

## એક એનેસ્થેટિક લીધું

### નાના બાળકો માટે એનેસ્થીશયિા લેવા વષિે ની વાર્તા




Trusted Information Creator

Patient Information Forum

માતા-પિતા માટે ની સૂચનાઓ પાછલા પાને




## હાય, હું રીસ છું


ગયા અઠવાડિયે મેં હોસ્પિટલમાં એનેસ્થેટિક લીધું હતું

એનેસ્થેટિક એ છે જ્યારે ડૉક્ટર તમને દવા આપે છે જેથી તમે પરીક્ષણ અથવા ઑપરેશન દરમિયાન કંઈપણ અનુભવતા, સાંભળતા કે જોઈ શકતા નથી. તે ખરેખર ગાઢ ઊંઘ જેવું છે.

ડૉક્ટર તમને જરૂર હોય ત્યાં સુધી એનેસ્થેટિક આપે છે અને જ્યારે તેઓ એનેસ્થેટિક બંધ કરે છે ત્યારે તમે જાગી જાઓ છો.


શું હું તમને કહું કે તે મારા માટે કેવું હતું?

શું તમે મને દરેક પૃષ્ઠ પર ઝો ધ ઝેબ્રા, મારું
મનપસંદ રમકડું શોધવામાં મદદ કરી શકો છો?



## તૈયાર થાઈ જાઓ

તમે થોડી વસ્તુઓ તમારી સાથે હોસ્પિટલ લઈ જાઓ તો ખૂબ સારું રહશે મેં કેટલાક પાયજામા, મારું ટૂથબ્રશ, એક પુસ્તક અને મારું મનપસંદ રમકડું પેક કર્યું.




## ખાવાનું નહીં

જ્યારે તમે એનેસ્થેટિક કરાવો ત્યારે તમારે તમારા પેટમાં કોઈ ખોરાક ન હોવો જોઈએ, તેથી મારી પાસે ખાવા માટે કંઈ નથી. મેં પાણી પીધું જેથી મને વધુ તરસ ન લાગે.

# દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે



## નર્સને મળ્યા

હૉસ્પિટલમાં, એક **નર્સે** મને વજન કાંટા પર તોલ્યો જેથી ડૉક્ટરને ખબર પડે કે મને પછીથી કેટલી દવા આપવી.

નર્સે મારું તાપમાન તપાસ્યું અને દરેકને હું દર્દી છોકરો છું તે **જણાવવા માટે મને મારા કાંડા માટે** નેમ બેન્ડ આપ્યો.






## અલગ અલગ પ્રકાર ના અનેસ્થેટિક્સ

હું મારા અનેસ્થેટિક ને મળી આ તે ડૉક્ટર છે જેણે મારી એનેસ્થેટિક દરમિયાન મારી સંભાળ રાખી હતી. એનેસ્થેટિક તમારા હાથમાં નાની નળીઓ વડે અથવા માસ્ક વડે શરૂ કરી શકાય છે. અમે મારા માટે શ્રેષ્ઠ માર્ગ વિશે વાત કરી.

તમે તમારા હાથ પર ક્રીમ લગાવી શકો છો જેથી નાની નળીઓને ખૂબ દુ:ખાવો ન લાગે. એનેસ્થેટિક દવા નાની ટ્યુબમાં જાય છે અને ખરેખર ખૂબ જ ઝડપથી કામ કરે છે.






માસ્ક ફીલ્ડ-ટીપ પેન જેવી ગંધ કરે છે અને કામ કરવામાં થોડો વધુ સમય લે છે. જો તમને પછીથી વધુ દવાની જરૂર હોય તો માસ્ક પછી તમારે તમારા હાથમાં એક નાનકડી ટ્યુબની જરૂર છે, પરંતુ માસ્ક પછી તમે કંઈપણ અનુભવી શકતા નથી.




## દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે




## ઓપરેશન માટે લગભગ સમય

મારા ઓપરેશન પહેલા મારી પાસે રમવા માટે થોડો સમય હતો. મારી નર્સે મને હોસ્પિટલ ગાઉન પહેરવાનું કહ્યું. તેના બદલે કેટલાક બાળકોએ પાયજામા પહેર્યા હતા.

તમને વોર્ડમાં કેટલીક દવા આપવામાં આવી શકે છે. આ તમને ઑપરેશન પછી દુ:ખાવાની લાગણી અટકાવવા અથવા તે પહેલાં તમને ઊંઘ આવવામાં મદદ કરવા માટે હોઈ શકે છે.



## દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે





# એનેસ્થેટિક રૂમ

એનેસ્થેટિક રૂમમાં મોનિટર તરીકે ઓળખાતા મશીનો હતા જે મને દરેક સમય **જોવામા** મદદ કરે છે. મારા માતાપિતામાંથી એક મારી સાથે રૂમમાં આવી શકે છે.

પછી જ્યારે હું સૂતો હતો ત્યારે મારા માતા-પિતા મારી રાહ જોતા હતા. હું જાણતો હતો કે તેઓ દૂર નથી.






## મારા ઓપરેશન દરમિયાન

મને કંઈ યાદ નથી, પણ મારા એનેસ્થેટિસ્ટ આખો સમય મારી સાથે રહ્યા. મને કંઈ યાદ નથી, પણ માર એનેસ્થેટિસ્ટ આખો સમય મારી સાથે રહ્યા.

## દર્દી છોકરો એક અનેસ્થેટકિ લે છે





## પુનઃપ્રાપ્તિ રૂમ

જ્યારે મારું ઓપરેશન પૂરું થયું, ત્યારે એનેસ્થેટિસ્ટે એનેસ્થેટિક દવા બંધ કરી દીધી જેથી હું જાગી શકું. જ્યાં સુધી મારા માતા-પિતા મારી સાથે ન હોય ત્યાં સુધી એક નર્સે રિકવરી રૂમમાં મારી સંભાળ રાખી.

મને શરૂઆતમાં થોડું દુખતું લાગ્યું. નર્સે મને તરત જ થોડી દવા આપી અને મને જલ્દી સારું લાગ્યું.



# દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે





## ભૂખ લાગે છે

જ્યારે મને ફરીથી ભૂખ લાગવા લાગી, ત્યારે નર્સે મને કંઈક ખાવા-પીવા દીધું.

તે વધુ સારું લાગ્યું.

# હોસ્પિટલમાં રહે છે

મારે એક રાત હોસ્પિટલમાં રહેવું પડ્યું.
મારા માતાપિતામાંથી એક મારી સાથે રહી શકે છે.






## ઘરે જવાનો સમય

હૉસ્પિટલમાં દરેક વ્યક્તિ ખૂબ જ દયાળુ હતો, પરંતુ જ્યારે ઘરે જવાનો સમય આવ્યો ત્યારે મને આનંદ થયો.

શું તમે મારા આ ચિત્રમાં રંગ લગાવવા માંગો છો?

## આવજો!



## દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે

# કોણ કોણ છે અને શું છે





### એનેસ્થેટીસ્ટ

ડૉક્ટર જે તમને એનેસ્થેટિક દવા આપે છે, અને પછી ફરી જાગવાનો સમય ન આવે ત્યાં સુધી તમારી સંભાળ રાખે છે.

### નર્સો

જ્યારે તમે  ઓપરેશન કરાવતા હોવ ત્યારે જે લોકો તમારી સંભાળ રાખે છે.






### રમતના નિષ્ણાંત

હોસ્પિટલમાં કોઈ એવી વ્યક્તિ જે તમને રમવામાં અને તમારી સાથે શું થઈ રહ્યું છે તે સમજવામાં મદદ કરે છે. તમામ હોસ્પિટલોમાં રમતના નિષ્ણાતો હોતા નથી.

### ઓપરેટિંગ ડિપાર્ટમેન્ટ પ્રેક્ટિશનર્સ (ODPs)  અને અને થિયેટર  નર્સો

જે લોકો એનેસ્થેટીસ્ટને તમારી સંભાળ રાખવામાં મદદ કરે છે જ્યારે તમારી પાસે એનેસ્થેટિક હોય.








## થિયેટર

હૉસ્પિટલનો એક ઓરડો જ્યાં ઓપરેશન કરવામાં આવે છે. બધું ખૂબ જ સ્વચ્છ છે અને ત્યાં કામ કરતા લોકો તેમના વાળ વ્યવસ્થિત રાખવા માટે પાયજામા અને ટોપી જેવા કપડાં પહેરે છે.

## નિયંત્રણ કરવું

જ્યારે તમે એનેસ્થેટિક કરાવો છો ત્યારે એનેસ્થેટીસ્ટ તમારા પર નજર રાખવા માટે એક મશીનનો ઉપયોગ કરે છે. તમારું હૃદય કેટલી ઝડપથી ધબકે છે અને તમે કેટલી સારી રીતે શ્વાસ લઈ રહ્યાં છો તે તપાસવા માટે તે તમારી છાતી પર કેટલાક સ્ટીકરો અને તમાર આંગળી પર એક ખીંટીનો ઉપયોગ કરે છે.



## રિકવરી રૂમ અથવા પોસ્ટ એનેસ્થેટિક કેર યુનિટ (PACU)

ઓરડો જ્યાં બાળકો એનેસ્થેસિયા પછી જાગે છે.

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો

બધા અનુવાદો Translators without Borders (ટ્રાનસ્લેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

# દર્દી છોકરો એક અનેસ્થેટિક લે છે




## આ પત્રિકાનો ઉપયોગ કેવી રીતે કરવો

### માતાપિતા માટે માહિતી

અમે આ પત્રિકા તમારા બાળક સાથે વાંચવા માટે અને તેમને એનેસ્થેટિક માટે તૈયાર કરવામાં મદદ કરવા માટે ડિઝાઇન કરી છે. તે કેટલાક લોકોને તેઓ મળી શકે છે અને કેટલીક વસ્તુઓ જે બની શકે છે તેનો પરિચય કરાવશે. તમે ચિત્રોમાં વ્યક્તિ અથવા લોકોને બદલી શકો છો જે તમારા બાળક સાથે હોસ્પિટલમાં જશે કારણ કે આ પરિવારો વચ્ચે બદલાશે. તમારા બાળકને સમજાવો કે તમે તેમને આ વાર્તા શા માટે વાંચી રહ્યા છો. વાર્તાનો તેમના માટે શું અર્થ થાય છે તે શોધવું અને તેમને કોઈ પ્રશ્નો છે કે કેમ તે શોધવું મહત્વપૂર્ણ છે.

તે તમારા બાળકને વાર્તા ચલાવવાની અને પરિચિત રમકડાનો ઉપયોગ કરીને કોઈપણ ચિંતાઓનો સામનો કરવા માટે મદદ કરી શકે છે. કેટલાક બાળકો તેમની લાગણીઓ વિશે દોરવાનું અથવા પેઇન્ટ કરવાનું પસંદ કરી શકે છે.

જો તમારું બાળક ત્રણ વર્ષથી વધુ ઉંમરનું હોય, તો અમે તેને એનેસ્થેટિકના એક અઠવાડિયા પહેલા તૈયાર કરવાનું સૂચન કરીએ છીએ. ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે, અમે સૂચવીએ છીએ કે તમે તેમને હોસ્પિટલમાં આવતા પહેલા દિવસ તૈયાર કરો. જો કે, કૃપા કરીને તમારા પોતાના બાળકની સમજને ધ્યાનમાં લો.

---

## તમે શું વિચારો છો તે અમને કહો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ. જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તેમને ઇમેઇલ કરો:
patientinformation@rcoa.ac.uk

**Royal College of Anaesthetists**
Churchill House
35 Red Lion Square
London WC1R 4SG
020 7092 1500

**rcoa.ac.uk**

ચોથી આવૃત્તિ એપ્રિલ 2023

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2023 Royal College of Anaesthetists and Association of Paediatric Anaesthetists of Great Britain and Ireland**

આ પત્રિકા દર્દીની માહિતી અંગે મટેરીયલ બનાવવાના હેતુથી નકલ કરી શકાય છે. કૃપા કરીને આ મૂળ સ્ત્રોતને ટાંકવું ભૂલશો નહીં જો તમે આ પત્રિકાના ભાગને બીજા પ્રકાશનમાં વાપરવા માંગતા હો, તો લોગો, બ્રાંડિંગ અને છબીઓ દૂર કરવી આવશ્યક છે અને તેને યોગ્ય માન્યતા આપવી જ જોઇએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.

અમાન્દા લિલીવ્હાઇટ દ્વારા ચિત્રો